# એચએસઈ ગેસ સેફટી ઍડવાઈસ લાઈન 0800 300 363

(ફક્ત અંગ્રેજી સલાહકારો માટે)

## કોયડો

ગેસના સાધનો તથા પાઈપો બરાબર રીતે ન જડવાથી કે મૂકવાથી કે પછી તેની યોગ્ય મરામત ન થવાને કારણે દર વરસે આશરે 30 માણસો ગેસનાં સાધનોમાંથી પેદા થતા કાર્બન મોનોકસાઈડને કારણે મરણ પામે છે. બીજાં ઘણાંને માંદગીની અસર પણ થાય છે. કોલસો, લાકડાં કે તેલ જેવાં બળતણની જેમ જયારે ગેસ બરાબરો બળતો ન હોય, ત્યારે કાર્બન મોનોકસાઈડ પેદા થાય છે, જે ઝેરી વાયુ હોય છે.


તમે એ જોઇ શકતા નથી. તમે તેનો સ્વાદ ચાખી શકતા નથી. તમે તેને સૂંઘી શકતા નથી. પરંતુ કોઇ પણ જાતની આગોતરી ચેતવણી આપ્યા વગર ગણ તરીના કલાકોમાં કાર્બન મોનોકસાઈડ મોત નીપજાવી શકે છે.

તમે ઊંઘતા હો ત્યારે તમે ખાસ કરીને ભય હેઠળ હો છો કેમ કે કાર્બન મોનોકસાઈડના આરંભના ચિહ્નો  એ વેળાએ તમે સમજી શકો  તેમ નથી હોતા. થાક, બેચેની, માથાનો દુખાવો. ઊબકા આવવા, છાતીમાં દુખાવો અને પેટમાંની પીડાનો આમાં સમાવેશ થાય છે. આ ચિહ્નો  કેટલીકવાર નાનીમોટી બિમારીઓ થઈ હોવાનું દેખાડી શકે છે. વળી કેટલાક તેને ફ્લુ સાથે કે પછી સાદા સરળ થાક સાથે સરખાવતા જોવા મળે છે.

તમે કે પછી તમારા પરિવારમાં જો કોઈ આવાં ચિહ્નો અનુભવતાં હોય, અને તેના કારણમાં કાર્બન મોનોકસાઈડ મુખ્યત્વે હોવાનું તમને લાગતું હોય, તો તમારે તાબડતોડ તબીબી સારવાર લેવી જરૂરી છે. તમારાં લોહી અને શ્વાસોચ્છવાસની તબીબી તરતપાસ કરવાનું ડોકટર રાખશે. કાર્બન મોનોકસાઈડ લોહીમાંથી ઝડપે છટકી જતો વાયુ છે અને તેની અસર થવા પામી હોય તે પછીના ચારેક કલાક પછીના સમયગાળામાં તરતપાસ કરવામાં આવે તો તે અચોક્કસ નીવડી શકે છે.

કાર્બન મોનોકસાઈડના ઝેરની અસરનો ભય તમારે માથે ત્યારે જ તોળતો હોય છે, જયારે:

- તમારાં સાધન નબળી રીતરસમે મૂકવામાં કે લગાડવામાં આવ્યાં હોય,
- તમારા સાધનો બરાબર કામ આપતાં ન હોય,
- સલામતી માટે તમારા સાધનોની તરતપાસ થઈ ન હોય અથવા નિયમિતપણે તેની મરામત કરવામાં આવી ન હોય,
- ઓરડામાં તાજી હવાની આવનજાવન ન હોય,
- તમારી ભઠ્ઠીમાં (ચીમની) અથવા પાઈપોમાં કયાંક કશુંક ભરાયું હોય,
- 'કોરગી' દ્વારા નોંધાયેલા કારીગરો સિવાયના બીજા કારીગરોએ ગેસના સાધનો મૂકવાનુ કામ કર્યું હોય અથવા તેવા લોકો તેની દરકારદુરસ્તી કરતાં હોય.




સલામત ગેસ સાધનો

'રૂમ સિલ્ડ' પ્રકારના ન હોય તેવાં સાધનો (ઉદાહરણરૂપે ચીલાચાલુ ગેસ ફાયર) મૂકવામાં આવ્યું હોય અને આખી રાત ચાલુ રાખવામાં આવ્યા હોય તેવા ઓરડામાં તમે સૂતા હો, તો  ખાસ કરીને, જોખમનું પ્રમાણ વધુ રહે છે. ('રૂમ-સિલ્ડ' સાધનો જોડે જોડવામાં આવેલી પાઈપોને બહાર કાઢવા માટેની જગ્યા સામાન્યપણે મકાનની બહારની બાજુએ નીચેની તરફ કોઈક પ્રકારના પીંજરાથી રક્ષાતી હોય તેમ મૂકવામાં આવી હોય છે. છાપરાંની નજીક તેને મૂકવામાં આવતી નથી.)

## જવાબ

ગેસ સાધન બરાબર ચાલતું નથી તેમ તમને લાગતું હોય, તો તે કયારે ય વાપરવું નહીં. તેલની અસર હેઠળના ગેસ ફાયરમાં જ રંગની જયોત સામાન્યપણે જોવા મળે છે તે સિવાય, પીળા કે કેસરી રંગની જયોત દેખાતી હોય, મેશ બાઝી હોય કે ગેસ સાધનની ચોાસ ચીકાશ જામી હોય અન પાયલટ બત્તી વારેઘડિયે બૂઝાતી રહેતી હોય, તો તે બરાબર ચાલતું નથી તેમ તે સામાન્ય લક્ષણ છે.


સાધનને કદી ઢાંકવા નહીં અથવા તેને જોડતી દિવાલમાંની હવાબારી (એર વેન્ટ્સ) અવરોધવી નહીં.

પાકે પાયે જડેલી હોય તેવી હવાબારીની જાળીઓ અથવા હવાની

આવનજાવન માટે ખાસ ગોઠવાયેલી ઈંટોને કયારે ય રોકો  નહીં.

બહાર પડતી પાઈપને કયારે ય અવરોધો  નહીં.

સૂચના:   જયાં પવનનો પ્રવાહ બહાર કાઢવાનો હોય (ડ્રાફટ એસ્કલૂઝન), છતમાં કે બહાર ફેંકવા માટેના ખાસ પંખા (સિલીંગ અથવા એકસ્ટ્રેશન ફેન્સ), ડબલ ગ્લેઝીંગ અથવા કન્ઝરવેટરી માટે મકાનમાં વધારો કરાતો (એકસ્ટેન્શન્સ) હોય તેવા ઓરડામાં ગેસનાં સાધનો મૂકવામાં આવ્યાં હોય, તો તેને નિયમિતપણે સલામતી માટે તપાસાવા જોઈએ અને જરૂરિયાત




જોખમકારી ગેસ સાધનો

અનુસાર મરામત કરાવવી જોઈએ.

'કોરગી' દ્વારા નોધાંયેલા કારીગરો વાટે બાર મહિને ઓછામાં ઓછું એક વાર, સલામતી માટે પોતાનાં સાધનોની તરતપાસ કરાવવાની ગેસના બધા જ ગ્રાહકોને અમે ભલામણ કરીએ છીએ.

સલામતી માટે મફત તરતપાસનો તમને લાભ મળી શકે:
તમે જો 60 વર્ષથી મોટી વયના હો, લાંબા સમયથી બિમાર રહેતા હો અશકત હો, બહેરા હો,સાંભળવાની મુશ્કેલીઓ હોય, અંધ હો અથવા જોવાની મુશ્કેલીઓ હોય. તો તમે તમારા સપ્લાયરના (પૂરવઠો પહોંચાડનારાના) 'પ્રાયોરિટી સર્વિસ રજીસ્ટર' પર નામ નોંધાવી શકો  છો. આ યાદી પર જોડાવાનું મફત છે અને (તમે જો ભાડાંની જગ્યામાં વસવાટ કરતાં હો અને જયાં મકાનમાલિક પર સલામતીની દેખભાળ માટેની જવાબદારીઓ આવતી હોય તે સિવાય) એકવાર તમે સભ્ય થઈ ગયા હો, તે પછી, બીજાં બધાં લાભોની જોડે. સલામતી માટેની વાર્ષિક તરતપાસનો તમે મફત લાભ લઈ શકશો. આ વિશેની વિશેષ વિગતમાહિતીઓ માટે તમારા ગેસ બિલના પાછળના ભાગ પર છાપેલી વિગતો જોવા ભલામણ છે.

કારબન મોનોકસાઈડ ઍલાર્મ્સ સાવચેતી જાળવવા માટે મહત્તવના ટેકારૂપ બની શકે તેમ છે, પરંતુ ગેસના સાધનોને 'કોરગી' દ્વારા નોંધાયેલા કારીગરો વાટે પાકી રીતે મૂકવા જડવાનો તથા તેની મરામત કરાવવાનો તે વિકલ્પ બની શકે નહીં. તમે જો કાર્બન મોનોકસાઈડ ઍલાર્મની ખરીદી કરવા માગતા હો, તો હાલમાં અસ્તિત્વમાં હોય તેવા સલામતી માટેના ધોરણો (BS 7860 અથવા BS EN 50291) અનુસાર તે હોય તેની આગોતરી ખાતરી કરી લેવી. વળી 'કાઈટમાર્ક' (Kitemark)નો માર્કો તેને મળ્યો હોય તે પણ જોવું. આ વિશે તમને જો શંકાકુશંકા હોય, તો કર્મચારી સભ્યને પૂછપરછ કરવા ભલામણ છે. હંમેશાં ઉત્પાદકો દ્વારા આપેલી સૂચનાઓને અનુસરવાનું રાખવું.
તમને જો ગેસની વાસ આવતી હોય, અથવા કયાંકથી ગેસ ગળતો હોય તેની શંકા રહેતી હોય, તો તમારે બનતી ઝડપે આટલું કરવું જોઈએ:

- બધાં બારીબારણાં ઉઘાડી નાંખવાં.
- મીટર પાસેના અંકુશ વાલ્વને (તમને તેની સમજણ હોય તો) બંધ કરીને પૂરવઠો આવતો ખટકાવવો. એ પછી પણ ગેસ ગળતો હોય તો 'ગેસ એમરજેન્સી ફ્રીફોન નંબર' 0800 111 999 જોડીને Transcoનો સંપર્ક કરવો.
- કાર્બન મોનોકસાઈડ ગળતો હોવાની શંકાકુશંકાના દાખલામાં, ખામીવાળું કયું સાધન છે તેની તમને જો સમજણ હોય તે સિવાયના દાખલામાં, ઉપર મુજબની પદ્ધતિને અનુસરવી. આવા દાખલામાં પછી 'કોરગી' દ્વારા નોંધાયેલા કારીગર પાસેથી તરતપાસ તથા સમારકામ બાબત માર્ગદર્શન મેળવવું.

## કાયદાકાનૂન

'ધ ગેસ સેફટી (ઈન્સ્ટોલેશન એન્ડ યુઝ) રેગ્યુલેશન્સ 1998' ગેસ વાપરનારાઓ, ગેસના સાધનો લગાડનારાઓ, પૂરવઠો આપનારાઓ તેમ જ મકાનમાલિકો ઉપર કેટલીક જવાબદારીઓ નાંખે છે. વળી, આ ધારાનિયમો સલામતી માટેના સળગતાં સાધનો, હવાબારી (વેન્ટીલેશન) તથા પાઈપ સરખાં મકાન બાંધકામ માટેના નિયમનો જેવા બીજા અંકુશો સાથે સંકળાયેલા પણ છે. તમારી પોતાની સલામતી માટે આટલું યાદ રાખવું:

- ગેસના સાધનો ઉપર કાયદાકાનૂન અનુસાર પોતાના ધંધારોજગારના ભાગરૂપ કોઈ મરામતનું કામ પાર પાડે અથવા તેને જડવા, મૂકવા બાબતનું કામ કરે તે દરેક પૂરા તાલીમબદ્ધ કારીગર હોવા જોઈએ તેમ જ 'કોરગી' (ધ કાઉન્સિલ ફોર રજિસ્ટર્ડ ગેસ ઈન્સ્ટોલર્સ) દ્વારા નોધાંયેલા હોવા જોઈએ. આવા કારીગરે તમને 'કોરગી' નું પોતાના ફોટાવાળું ચાલુ ઓળખપત્ર બતાવવું જરૂરી છે. હંમેશાં આ ઓળખપત્ર જોવામી માંગણી કરવી. આ ઓળખપત્ર પર કારીગરનો ફોટો મૂકવામાં આવ્યો હોય છે. તેનો કોરગી નોંધ ક્રમાંક મૂકાયો હોય છે, તેના વ્યવસાયી હોદ્દાની જાણકારી પણ તેમાં હોય છે અને આ ઓળખપત્ર કયારે પૂરું થવાનું છે તેની તારીખ પણ તેમાં લખાઈ હોય છે. એ કારીગર કેવાં કામો હાથ ધરી શકે છે તેની વિગતો એ ઓળખપત્રની પાછળ આપવામાં આવી હોય છે. વળી ચાલુ દિવસે તમે 01256 372300 પર 'કોરગી'નો ટેલિફોન સંપર્ક કરી શકો છો અથવા 'કોરગી'ના વેબસાઈટ www.corgi-gas.comનો લાભ લઈ શકો છો.

...ચાલુ રાખો

# એચએસઇ ગેસ સેફ્ટી ઍડવાઇસ લાઇન 0800 300 363

(ફક્ત અંગ્રેજી સલાહકારો માટે)

- કાયદાકાનૂન અનુસાર ગેસના સાધનો ઉપર અથવા તેને જડવા મૂકવાનાં કામો અંગે ફક્ત તાલીમબદ્ધ નીવડેલા કારીગર જ કામ કરી શકે. ગેસનાં સાધનો ઉપર તથા તેને જડવા માટે ‘ડુ-ઇટ-યોરસેલ્ફ’ (જાતે કામકાજ કરવાની) પદ્ધતિ ભયજનક બની શકે છે અને મોટેભાગે તે ગેરકાનૂની નીવડે છે.

- કાયદાકાનૂન અનુસાર કોઇ પણ જાતના ગેસનાં સાધનો અસલામત છે તેની તમને જાણ હોય તો તમે તે વાપરી શકો નહીં. અથવા તેને જડીમૂકી શકો નહો. ‘કોરગી’ વાટે એચએસઇ (હેલ્થ એન્ડ સેફટી એકઝીકયુટિવે) ફક્ત નોંધાયેલા કારીગરોને જ જોખમી હોવાને કારણે જીવલેણ અકસ્માત સર્જી બેસે એવાં ગેસ સાધનોને અથવા જડાયેલાં સાધનોને છૂટાં કરવાની છૂટછાટ આપી છે. આવા કારીગર આ સાધન છૂટા કરવાની પરવાનગી તમારી પાસેથી મેળવવાની રાખે ત્યારે, તમારી તેમજ બીજાની સલામતીની જાળવણી સારુ તેવી પરવાનગી આપવી. આવાં સાધનો ફરીવાર લગાડો કે વાપરો તે પહેલાં તે ‘કોરગી’ દ્વારા નોંધાયેલા કારીગરો પાસે તેની પૂરતી મરામત તમારે કરાવી લેવી રહે છે.

- કાયદાકાનૂન અનુસાર, ગેસના સાધનો અને તે માટેની પાઇપ સરખી રીતે કામ આપે છે તેમ જ બાર મહિનાઓના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછું એક વાર તેની તરતપાસ કરવામાં આવે, તે જોવાની જવબદારી સામાન્યપણે મકાનમાલિકો પર અવલંબે છે. ઓછામાં ઓછું બે વરસના સમયગાળા દરમિયાન આ સાધનોની દેખભાળ અને મરામત અંગેની વિગતવાર નોંધ પણ તેમણે રાખવાની રહે છે. ચાલુ ભાડૂતને અને નવા ભાડૂતને તેઓ રહેવા આવે તે પહેલાં તે અંગેનું જરૂરી પ્રમાણપત્ર મકાનમાલિકોએ આપવું રહેશે. તમે જો સાધનના માલિક હો, તો તેની દેખભાળ માટે તેમ જ તેની મરામત માટેની જવાબદારી તમારી બને છે.

- કાયદાકાનૂન અનુસાર, ‘રૂમ-સિલ્ડ’ પ્રકારના વિકલ્પને બાદ કરતાં, સૂવાની જગ્યામાં ફાયર, બોયલર અને હીટીંગ જેવાં ગેસનાં સાધનોને જડવા, નાંખવા, મૂકવા માટે પ્રતિબંધ છે. 1 જાન્યુઆરી 1996 પછી આવાં જે સાધનો મૂકવામાં આવે છે તેને તેમ જ 31 ઓકટોબર 1998 પછી ભાડે અપાતાં મકાનોમાંના ઓરડાઓમાં જે કંઇ સાધનો મૂકવામાં આવે છે, તેને આ પ્રતિબંધ લાગુ પડે છે. ચીલચાલુ 14 કે તેથી ઓછાં કિલોવૉટ્સના ગેસ સાધનો જે ‘રૂમ-સિલ્ડ’ પ્રકારનાં નથી અને ભયજનક સપાટીએ ધૂમાડો ભેગો થાય ત્યાં સુધીમાં આપોઆપ તેનો પૂરવઠો બંધ થઇ શકે તેવી પૂર્વજોગવાઇવાળાં હોય છે, તેવા સાધનો મૂકી, જડાવી શકાય છે.

- કાયદાકાનૂન અનુસાર, ‘રૂમ-સિલ્ડ’ પ્રકારના સાધનો ન હોય અથવા ઝેરી ધૂમાડો બંધાતો થાય ત્યાં સુધીમાં આપોઆપ ગેસનો પૂરવઠો બંધ થઇ જાય તેવી જોગવાઇવાળાં સાધનોને બાદ કરીને, 31 ઓકટોબર 1998 પછી, કોઇ પણ ઓરડામાં ગેસથી પાણી તરત ગરમ થાય તેવાં સાધનો મૂકવાની મનાઇ છે.

- કાયદાકાનૂન અનુસાર, ગેસનાં મુખ્ય વાહકે/‘એમરજન્સી સર્વિસ પ્રોવાઇડર્સ (ESPs) કટોકટી વખતે પરિસ્થિતિ સલામત બને તે જોવાનું છે. ગેસ ગળતો હોય તો તેનાં કારણો તેમણે શોધી કાઢવાનાં છે. બાર કલાકના સમયગાળામાં આવો ગેસ ગળે નહીં તે અંગેના જરૂરી પગલાં લેવાનાં રહે છે. કાર્બન મોનોકસાઇડ ગળતો હોય તેવા વાસ્તવિક દાખલામાં તેમણે ગ્રાહકો પાસેથી મળેલા અહેવાલ અનુસાર વર્તવાનું છે. પરિસ્થિતિ સલામત બને તેમ કરવાનું છે.

## વિશેષ વાંચન

આ વિષય અંગે તમારે વિશેષ ઊંડાણમાં કોઇ વિગતમાહિતી જરૂરી હોય, તો તમને અહીં દર્શાવેલાં એચએસઇ પ્રકાશનો ઉપયોગી નીવડી શકે તેમ છે: ‘સેફટી ઇન ધ ઇન્સ્ટોલેશન એન્ડ યુસ ઑફ ગેસ સિસ્ટમ્સ એન્ડ અપ્લાયન્સીસ’. ‘ગેસ સેફટી (ઇન્સ્ટોલેશન એન્ડ યુઝ) રેગ્યુલેશન્સ 1998’. ‘અપ્રૂવ્ડ કોડ ઑવ પ્રેકટીસ એન્ડ ગાયડન્સ L56’ (બીજી આવૃત્તિ). HSE Books 1998 ISBN 0 7176 1635 5.

નાયબ વડા પ્રધાનના દફતર દ્વારા આ પત્રિકાઓ પણ તૈયાર કરવામાં આવી છે: ડેન્જર : કાર્બન મોનોકસાઇડ પોયઝનીંગ’ . ‘સોલિડ ફ્યુલ, વૂડ એન્ડ ઓઇલ બર્નિંગ અપ્લાયન્સીસ’. ‘ગેટ ધેમ ચેકડ, સ્વીપ યોર ચીમનીઝ એન્ડ બી સેફ 1999.’ તે આ સરનામેથી મેળવી શકાય છે.
Free Literature Service
PO Box 236, Wetherby, West Yorkshire, LS23 7NB
ટેલિફોન: 870 1226 236 ફેકસ: 0870 1226 237
ટેકસ્ટફોન: 0870 1207 405
અથવા www.safety.odpm.gov.uk/bregs.br19.htm
પરથી ડાઉનલોડ કરી લેવા ભલામણ છે.

## વિશેષ માહિતીવિગત

એચએસઇ દ્વારા અંકાયેલી કિંમતવાળાં તેમ જ મફત મળતાં પ્રકાશનો આ સરનામેથી મેળવી શકાય છે. મેઇલ ઑર્ડર: HSE Books, PO Box 1999, Sudbury, Suffolk CO10 2WA
ટેલિફોન: 01787 881165 ફેકસ: 01787 313995
વેબસાઇટ: www.hsebooks.co.uk
(એચએસઇ દ્વારા અંકાયેલી કિંમતની ચોપડીઓ પુસ્તક ભંડારોમાંથી મેળવી શકાય છે અને પત્રિકાઓ એચએસઇના વેબસાઇટ www.hse.gov.uk પરથી ડાઉનલોડ કરી શકાય છે.)

બ્રિટિશ સ્ટાન્ડર્ડ્સની જાણકારી આ સરનામે મળી શકે છે:
389 Chiswick High Road, London W4 4AL
ટેલિફોન: 020 8996 9001 ફેકસ: 020 8996 7001
વેબસાઇટ: www.bsi-global.com

આરોગ્ય તથા સલામતી અંગેની વિશેષ માહિતીઓ જાણવા મેળવવા માટે એચએસઇના ઇન્ફોલાઇન ટેલિફોન 08701 545500 નો અથવા ફેકસ નંબર 02920 859260 દ્વારા સંપર્ક કરવો જોઇએ.
ઇ-મેઇલ: hseinformationservices@natbrit.com
અથવા આ સરનામે લખવું: HSE Information Services, Caerphilly Business Park, Caerphilly CF83 3GG.

એચએસઇ ગેસ સેફ્ટી વેબસાઇટ:
**www.hse.gov.uk/gas/index.htm**

**એચએસઇ ગેસ સેફ્ટી ઍડવાઇસ લાઇન**
**0800 300 363**

**હેલ્થ એન્ડ સેફટી એકઝીકયુટિવ દ્વારા આ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ માર્ગદર્શન પ્રમાણે વર્તવું ફરજિયાત નથી અને તમે બીજાં વિકલ્પો લેવાને કુલમુખત્યાર છો. એમ છતાં, તમે જો આ માર્ગદર્શન અનુસાર ચાલતા હો, તો તમે કાયદાકાનૂન અનુસાર પૂરતો વ્યવહાર કરતાં હો એમ ધારી લેવામાં આવે છે. કાયદાકાનૂનને તમે અનુસરો એટલું હેલ્થ એન્ડ સેફટી ઇન્સ્પેકટરો અપેક્ષા રાખે છે અને આ માર્ગદર્શનને સારા આચરણ તરીકે આગળ ધરવાનું તેઓ રાખે છે.**

© ક્રાઉન કોપીરાઇટ જાહેરખબર, અનુમોદન અથવા વ્યાપારી કામકાજોને બાદ કરીને આ પ્રકાશનની વિના મૂલ્યે નકલ કરી શકાય તેમ છે. પ્રથમ પ્રકાશન 10/02. મહેરબાની કરીને એચએસઇનું સૌજન્ય દર્શાવવું.
**INDG238 (rev 2)** 10/02 C7500
હેલ્થ એન્ડ સેફટી એકઝીકયુટિવ દ્વારા મુદ્રિત અને પ્રકાશિત.

સુધારેલી 2002 આવૃત્તિ

HSE Health & Safety Executive

# ગેસનાં સાધનો
## (અપ્લાયન્સીસ)

તેની તરતપાસ કરાવો
તેને સલામત રાખો

આ પત્રિકામાં કેટલીક નવી માહિતીવિગતો આપવામાં આવી છે. તે વાંચવા ભલામણ છે. તેથી કદાચ તમારું જીવન બચાવી શકાય.

એચએસઇ ગેસ સેફ્ટી ઍડવાઇસ લાઇન
0800 300 363